ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જિલ્લામાં સતત બીજે દિવસે ૩૦૦થી વધુ કેસ

**ગ્રામ્ય અને શહેરમાં ૧૬૨-૧૬૨ કેસ નોંધાયા : માણસામાં પાંચ માસની બાળા તો શેરથામાં ૪ વર્ષનું બાળક સંક્રમિત થયુ : કલોલ-માણસામાં ૫૦-૫૦ કેસ, ગાંધીનગરમાં ૪૯ અને દહેગામમાં ૧૩ કેસ : સે. ૬ માં ૧૦, ૧૩ માં ૯, ૨૬ માં ૭, સે. ૧૭ માં ૬, સે. ૫, ૧૪, ૨૪ માં ૫-૫ કેસ : કુડાસણમાં ૧૫, સરગાસણમાં ૧૩, વાવોલમાં ૧૦, સુઘડમાં ૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે ૩૦૦ થી વધુ કેસ કોરોનાના મળી આવતાં જિલ્લો સ્તબ્ધ બની ગયો છે. આજે વધુ ૩૨૪ કેસ નવા નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૨ અને શહેરમાં ૧૬૨ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ઝડપથી વિસ્તરી રહ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપથી સંક્રમણ વધી રહ્યુ છે તેને પગલે આરોગ્ય સેવાઓ લગભગ ખોરવાઈ જવા પામ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં આઈસોલેશન માટે પંચાયતોને લોકભાગીદારીથી શરૂ કરવા માટે રાજ્ય સરકારે ખાસ ગાઈડલાઈન તૈયાર કરી અને જિલ્લાઓને મોકલી છે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં તંત્રની ચિંતા પણ વધવા પામી છે. ગ્રામ્ય વિસ્તારમાં યુવાઓ, વિદ્યાર્થીઓ, મહિલાઓ તેમજ મોટી વયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેમજ સાથે સાથે બાળકો પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્ર એકદમ સ્તબ્ધ બની ગયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૩, ગાંધીનગરમાં ૪૯ અને કલોલ-માણસામાં ૫૦-૫૦ કેસ નોંધાયા છે. કલોલ અને માણસાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેકાબુ બની વિસ્તરી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે તેમ રાજ્ય સરકારની યાદીમાં જણાવાયુ છે.

જિલ્લામાં આજે ૫૩ મહિલા દર્દીઓ સંક્રમિત થઈ છે. માણસા અર્બનમાં આજે પાંચ માસની બાળકી તેમજ ગાંધીનગરના શેરથામાં ૪ વર્ષનું બાળક પણ સંક્રમિત થયેલ મળી આવેલ છે. વીસ વર્ષથી નાની વય ધરાવતા ૮ દર્દીઓ મળી આવ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં ૧૭ કર્મયોગી, ૧૪ વિદ્યાર્થી, ૨૪ ખેડૂત પણ સંક્રમિત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે ૧૩ કેસ નોંધાયા છે. જેમાં ધમીજ ગામેથી ૫ કેસ તેમજ દહેગામ અર્બનમાંથી ૩ કેસ આ ઉપરાંત પાસુન્દરા, પાટનાકુવા, સામેત્રી, ચેખલાપગી, વડવાસા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૪૯ કેસ નોંધાયા છે. જેમાં ધારાસભ્ય શંભુજી ઠાકોરના ગામ ટીંટોડામાં ૭ કેસ, આદરજ મોટી અને સરઢવમાં ૬-૬ કેસ, જલુંદ, છાલા, શેરથામાં ૩-૩ કેસ તેમજ લવારપુર, મોટા ચિલોડા, પ્રાંતિયા, અડાલજ, સોનારડામાં ૨-૨ કેસ ઉપરાંત પુન્દ્રાસણ, ડભોડા, દશેલા, લેકાવાડા, સાદરા, ગિફ્ટસીટી, ઉવારસદ, ઈસનપુર મોટા, મગોડી, વડોદરામાંથી પણ કેસ મળી આવેલ છે. ગાંધીનગર તાલુકામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જનજીવન વેરણ-છેરણ થઈ ચુક્યુ છે. આરોગ્ય સેવાઓ પણ કથળી ચુકી છે.

કલોલમાં કોરોનાનું આજે ભયાવહ રૂપ ફરી દેખાતાં જન જીવન ખોરવાઈ ગયુ છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ભય અને ગભરાટની લાગણી પ્રસરી જવા પામી છે.

તાલુકામાં આજે ૫૦ કેસ નોંધાતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. કલોલ અર્બનમાં આજે વધુ ૧૫ કેસ નોંધાયા છે. જેમાં કલોલ અર્બન-૧ વિસ્તારમાં ૧૦ કેસ તેમજ અર્બન-૨ વિસ્તારમાં ૫ કેસ નોંધાયા છે.

કલોલના ગ્રામ્ય વિસ્તારમાં બોરીસણામાં ૮, માણસાના ધારાસભ્યના ગામ પલિયડમાં ૫ કેસ, સઈજમાં ૪ કેસ તેમજ ધાનજમાં ૩, ભોંયણ મોટી, વાંસજડા, નારદીપુર, છત્રાલ, પાનસર, ઈસંડમાં ૨-૨ કેસ તેમજ ડિંગુચા, રાંચરડા, ધમાસણા, સોજા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

માણસામાં આજે સતત ત્રીજે દિવસે ૫૦ કેસ નોંધાયા છે. માણસા અર્બનમાંથી આજે વધુ એક પાંચ માસની આયુ ધરાવતુ ફુલ કોરોનાથી સંક્રમિત થયેલુ જણાતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે.

માણસા અર્બનમાંથી આજે ૬ કેસ મળી આવ્યા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તાર પુંધરામાંથી ૧૦ કેસ મળતાં તંત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બાપુપુરા, વેડા, દેલવાડ, બદપુરા અને માણેકપુર ગામેથી ૩-૩ કેસ તેમજ ઈટાદરા, પરબતપુરા, હિંમતપુરામાંથી ૨-૨ કેસ, લાકરોડા ગામેથી ૪ કેસ મળવા ઉપરાંત આજોલ, ચરાડા, રિદ્રોલ, મકાખાડ, વરસોડા, પ્રતાપનગરમાંથી કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૦૯૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૮૩ આજે પણ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮૮૧૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટનસીંગનું પાલન થાય તેમજ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરવામાં આવી છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં રિકવરી રેટ થોડોક ઘટવા પામ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધતાં વેક્સિનના કાર્યક્રમને પણ વિપરીત અસરો થઈ રહી છે. ગ્રામીણ વિસ્તારમાં શ્રમિકોની પણ અછત ઉભી થવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાંય ખાસ કરીને અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે ૧૬૨ કેસ નોંધાયા છે. શહેરમાં આરોગ્ય સત્તાવાળાઓના માનવા પ્રમાણે કોરોનાનો રેટ સ્થિર થયો છે. જો કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું આ સૂત્રોનું કહેવુ છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે ૯૬ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૬૬ કેસ નોંધાયા છે. શહેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે એક સ્ટાફ નર્સ, પાંચ વિદ્યાર્થી, ૬ પોલીસ કર્મી, ૪ શિક્ષક, એક પ્રોફેસર, એક ફિઝીયોથેરોપીસ્ટ લેબનો કર્મચારી, જીઆઈડીસીમાં નોકરી કરતા લોકો સંક્રમિતોની યાદીમાં છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૩ ને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં આજે વધુ ૭૯ મહિલાઓ સંક્રમિત થયેલી મળી આવેલ છે.

શહેરમાં આજે સે. ૬ માં ૧૦, સે. ૧૩ માં ૯, સે. ૨૬ અને સે. ૨૧ માં ૪-૪ કેસ, સે. ૨, ૪, ૭, ૨૨ માં ૩-૩ કેસ, સે. ૧૨, ૧૯, ૩૦, ૨૫, ૨૮, ૩૦ માં ૨-૨ કેસ મળી આવવા ઉપરાંત ૧, ૩, ૨૦, ૨૩ માંથી પણ કેસ મળેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં બોરીજમાં, રાંદેસણ-રાયસણમાં ૩-૩ કેસ, પેથાપુર-કોલવડામાં ૪-૪ કેસ, કુડાસણમાં ૧૫ કેસ, સરગાસણમાં ૧૩ કેસ, વાવોલમાં ૧૦ કેસ, સુઘડમાં ૭ કેસ તેમજ અંબાપુર-વાસણા હડમતિયા ગામેથી પણ કેસ મળી આવેલ છે.


શહેરમાં આજે વધુ ૮૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## ગાંધીનગરના જાહેર જીવનના અગ્રણી મહેન્દ્રભાઈ ભાવસારનું નિધન

**રોટરી ક્લબ સહિત અનેક સંસ્થાઓમાં સક્રિય યોગદાન આપનાર મહેન્દ્રભાઈના નિધનથી શહેરના જાહેર જીવનને ભારે ખોટ પડશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના જાહેર જીવનના અગ્રણી અને ગાંધીનગર રોટરી ક્લબના આદ્યસ્થાપક મહેન્દ્રભાઈ ભાવસારના નિધનથી શહેરના જાહેર જીવનમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. વીસ દિવસ પહેલા કોરોના પોઝીટીવ આવતા મહેન્દ્રભાઈ ભાવસારને



એસએમવીએસમાં સારવાર માટે દાખલ કરાયા હતા. જ્યાં ચાર દિવસ પહેલા કોરોના નેગેટીવ આવતા તેમને ઘરે લવાયા હતા. પરંતુ આજે વહેલી સવારે એકાએક શ્વાસ થંભી જતા મહેન્દ્રભાઈનું નિધન થયુ હતુ. નિધનના સમાચારથી શહેરની સામાજીક અને કલા સંસ્થાઓમાં ભારે આઘાતની લાગણી પહોંચી હતી.

આજથી સાડાચાર દાયકા પહેલા ગાંધીનગરમાં રોટરી ક્લબની પ્રવૃત્તિનો પ્રારંભ મહેન્દ્રભાઈ ભાવસારે કર્યો હતો. એટલુ જ નહિ સતત ચાર દાયકા સુધી આ પ્રવૃત્તિને સક્રિય રાખી વિકસાવી હતી. આ ઉપરાંત શહેરની કલા સંસ્થાઓ જેવી કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ, શિવરંજની અને કલા ગુર્જરીમાં સતત ઓતપ્રોત રહી કલા પ્રવૃત્તિમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યુ હતુ. ગાંધીનગર ભાવસાર સમાજના માધ્યમથી સામાજીક સંગઠનમાં પણ તેઓ સદાય અગ્રેસર રહેતા હતા. નિવૃત્ત નાયબ નગર નિયોજક તરીકે સતત સેવા આપતા મહેન્દ્રભાઈ આર્કીટેક એસોસીએશનમાં પણ નવી પેઢીને માર્ગદર્શિત કરતા હતા. સદ્ગતના નિધનથી ગાંધીનગરને ન પૂરાય એવી ખોટ પડી છે.

## ગ્રામ્ય વિસ્તારમાં આઈસોલેશન સેન્ટરો બનાવવા ડીડીઓએ સરપંચોને કહ્યુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અલાયદા આઈસોલેશન સેન્ટર બનાવવાની હિમાયત જિલ્લા વિકાસ અધિકારીએ પંચાયતોના સરપંચોને લખેલા પત્રમાં કરી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ છે કે જે દર્દીના ઘર નાના હોય અને હોમ આઈસોલેશન જાળવવું અઘરૂ જણાતુ હોય તેવા દર્દીઓ માટે ગ્રામ પંચાયતો દ્વારા ગ્રામીણ સ્તરનું આઈસોલેશન સેન્ટર બનાવવુ જોઈએ. લોકભાગીદારી થકી આ આઈસોલેશન સેન્ટરનું સંચાલન કરવા પણ તેમણે સરપંચો અને તલાટીઓને આગ્રહ કર્યો છે.

## અગ્રણીઓના દુ:ખદ અવસાન

- જિલ્લા ભાજપના મહામંત્રી આઈ.બી. વાઘેલાના ભાઈ અને જાણીતા ઈજનેર એન.બી. વાઘેલાનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.
- જાણીતા તબીબ વિપુલભાઈ ઠક્કરના પિતા નટવરલાલ ઠક્કરનું પણ સારવાર દરમ્યાન દુ:ખદ અવસાન થયું છે.
- ભાજપના દિગ્ગજ નેતા અને જીઆઈડીસીના પૂર્વ ચેરમેન દત્તાજી ચિરંદાસનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાકી નર્મદાબેન મોદીનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.
- દહેગામ રબારી સમાજના અગ્રણી અને કોંગી અગ્રણી નારણભાઈ રબારીનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.
- પૂર્વ ધારાસભ્ય પોપટલાલ પટેલ અને વેપારી એસો. સે. ૨૨ ના પ્રમુખ કાળુભાઈ પટેલના માતુશ્રી શાન્તાબાનું દુ:ખદ અવસાન થયુ છે.

## બળદેવજી ઠાકોરે ઓક્સિજન પ્લાન્ટ માટે ૩૧ લાખની ગ્રાન્ટ ફાળવી આપી

ગાંધીનગર, તા. ૨૮

કલોલ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે આજે જિલ્લા કલેક્ટરને પત્ર લખી તેમને ધારાસભ્ય તરીકે મળતી ગ્રાન્ટમાંથી પી.એસ.એમ. હોસ્પિટલ ગુરૂકુળ કલોલને નવિન ઓક્સિજન પ્લાન્ટ નાખવા માટે તાત્કાલિક રૂ. ૩૧ લાખની ગ્રાન્ટ ફાળવી આપશો.

ઠાકોરે કલેક્ટરને લખેલા પત્રમાં વર્તમાન સ્થિતિ વિકટ છે. કલોલમાં કોવિડના કેસ પુષ્કળ પ્રમાણમાં વધી રહ્યા છે. કોવિડ-૧૯ના પેશન્ટને ઓક્સિજનની જરૂરિયાત પડે છે. ઓક્સિજનની અગવડના કારણે મહદ્અંશે મૃત્યુઆંક વધી રહેલ છે.

કોવિડના દર્દીઓને જરૂરિયાતવાળી જગ્યાએ જ ઓક્સિજન પુરો પાડી શકાય તે હેતુથી મારી ધારાસભ્ય તરીકેની ગ્રાન્ટમાંથી રૂ. ૩૧ લાખની રકમ પી.એસ.એમ. હોસ્પિટલ ગુરૂકુળને ફાળવી આપશો. ઠાકોરે આ અગાઉ રૂ. ૨૫ લાખની ગ્રાન્ટ કોવિડ-૧૯ના દર્દીઓ માટે વેન્ટીલેટર અને અન્ય દવાઓની ખરીદી માટે ફાળવી હતી જે ઉલ્લેખનીય છે.






**રાજ્ય સરકારનો સંવેદનશીલ નિર્ણય**

માસ્ક પહેરો
હાથને વારંવાર સાબુ કે સેનેટાઇઝરથી સાફ કરો
બે મીટરનું અંતર રાખો

**જન્મ અને મરણના દાખલા માટે હવે કોઈ સ્વજને લાઈનમાં ઉભા રહેવું નહીં પડે**



ટૂંક સમયમાં ઓનલાઈન સિસ્ટમ મારફતે જન્મ કે મરણ પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાય તે માટે આપના મોબાઈલ ફોન ઉપર એસ.એમ.એસ.થી આ અંગેની લિંક મોકલવામાં આવશે.
આ લિંક મારફતે જન્મ કે મરણનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાશે.

મહાનગરો અને નગરપાલિકાઓમાં હાલમાં લોકોને પ્રમાણપત્ર મેળવવા લાઈનમાં ઉભું રહેવું પડે છે કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે એ બારી બંધ કરવામાં આવે છે. હવે આવા પ્રમાણપત્ર રૂબરૂમાં આપવામાં નહીં આવે, કામચલાઉ ધોરણે આ પ્રથા બંધ કરવામાં આવે છે.

આ ઉપરાંત, તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૩૧/૦૭/૨૦૨૧ દરમ્યાન બનેલા કે બનનાર જન્મ કે મરણના બનાવો કોવિડ-૧૯ની મહામારીના વિશિષ્ટ સંજોગોને કારણે નિયત ૨૧ દિવસમાં નોંધાવી શકાયેલ ન હોય તેવા ૨૨ દિવસથી વધુ પરંતુ ૩૬૫ દિવસ સુધીના વિલંબિત જન્મ કે મરણના બનાવોની નોંધણી માટે એફિડેવીટ કરવામાંથી મુક્તિ તેમજ આ અંગેની વિલંબિત નોંધણી ફી જતી કરવાનો નિર્ણય સંવેદનશીલ સરકારે કરેલ છે.

કોરોના સામેની લડતમાં સહકાર આપવા સૌ નાગરિકોને અપીલ કરૂં છું.
**શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**


## છેલ્લાં ત્રણેક દિવસથી ચ-માર્ગ પર અંધારપટ..!!


ગાંધીનગર, તા. ૨૮

શહેરના મુખ્ય માર્ગ ચ-રોડ પર છેલ્લાં ત્રણેક દિવસથી અંધાર પટ છવાયો છે. ચ-૩ સર્કલથી ચ-૦ તરફ જતા માર્ગ પર સ્ટ્રીટલાઈટો બંધ હોવાને કારણે રાત્રિના સમયે આ વિસ્તારના રહીશો સહિતના 'ચ' માર્ગ પરના વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે.

ચ-માર્ગ એ શહેરનો સૌથી વ્યસ્ત રહેતા મુખ્ય માર્ગો પૈકીનો એક માર્ગ છે અને આ માર્ગે સચિવાલય સહિતની મોટાભાગની સરકારી કચેરીઓ પણ આવેલી હોવાથી અહીંથી સતત વીઆઈપી વાહનોની અવરજવર પણ રહેતી હોય છે. છેલ્લાં ત્રણેક દિવસથી ચ-રોડ પરના સેક્ટર-૧૧ પાસેના ચ-૩ સર્કલથી ઈન્ફોસિટી નજીકના ચ-૦ સર્કલ સુધીના માર્ગ પર હારબંધ અનેક સ્ટ્રીટલાઈટો બંધ અવસ્થામાં હોવાથી આ માર્ગ પર રાત્રિના સમયે અંધારપટ છવાઈ જાય છે. અંધારપટના કારણે આ માર્ગ પરના સેક્ટરો ૭, ૮, ૧ અને ૨ વગેરેમાં રહેતા રહીશો સહિત ચ-માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી રહી છે.

અંધારપટના કારણે રાત્રિના સમયે અકસ્માત સર્જાવાનું પણ જોખમ મંડરાઈ રહ્યું છે કેમકે આ વિસ્તારમાં રાત્રે નીલગાય સહિતના પ્રાણીઓની અવરજવર પણ બેરોકટોક ચાલુ રહેતી જોવા મળે છે. આ સ્થિતિમાં સત્વરે ચ-માર્ગની સ્ટ્રીટલાઈટો ચાલુ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# સ્મરણાંજલિ



**મહેન્દ્રભાઇ ભાવસાર**

(ઉપપ્રમુખ, શિવરંજની)

**એટલે કાયમ અડીખમ સૈનીક...**

કોઇ પણ પરિસ્થિતિમાં પોતે જાતે ને પોતાના સંપર્કોથી શિવરંજની અને અનેક સંસ્થાના આધાર સ્તંભ બની રહ્યા... ..
એમનું કમિટમેંટ ઉચ્ચતમ પ્રેરણા દાયક રહ્યું.
એમની સ્મૃતિ તમામના દિલમાં કાયમ અંકિત રહેશે..

**એ આપણી સાથે સદાય રહેશે જ..**

**શિવરંજની પરિવાર**

## ડેશ બોર્ડ અપડેટ ના થતાં કલેક્ટરે અધિકારીઓનો ઉધડો લીધો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં હોસ્પિટલોમાં પથારીની સુવિધા માટે ઉભા કરાયેલા ડેશ બોર્ડમાં વિગતો સતત અપડેટ થતી ન હોવાને લઈ આજે જિલ્લા કલેક્ટરે અધિકારીઓનો ઉધડો લીધો હતો.

આજે સવારે ગૂગલ એપથી વી.સી. કરી જિલ્લા કલેક્ટરે તમામ અધિકારીઓને ડેશ બોર્ડ સતત અપડેટ કરતા રહેવાની કડક સૂચના આપી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હેલ્પ ડેસ્ક પરથી દર્દીની સ્થિતિ અંગે રિઅલ ટાઈમ સિચ્યુએશનની વિગતો મળી રહે તે જોવા પણ કહ્યુ હતુ.

કોવિડ કેર સેન્ટરમાં કેટલા દર્દીઓ છે તેની વિગતો પણ અપડેટ કરવામાં આવે તેવો આગ્રહ તેમણે કર્યો હતો.

જિલ્લામાં વધી રહેલા સંક્રમણને લઈ તેમણે આરોગ્યના અધિકારીઓને પણ વિવિધ પાસાંઓ અંગે માર્ગદર્શન આપ્યુ હોવાનું જાણવા મળેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com